

# સરળતા

## સદાય સુખિયા રહેવાની શ્રેષ્ઠ ચાવી



પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનું લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવાં સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# સરળતા

## સદાય સુખિયા રહેવાની શ્રેષ્ઠ ચાવી

**સંપાદન કાર્ય**

સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૪૨૧

# Saralata (Gujarati Edition)


**Compilation by** : Sahitya Lekhan Vibhag
**Presented by** : Swaminarayan Mandir Vasna Sanstha (SMVS)
**Founder** : HDH Devnandandasji Swamishri
**Inspirer** : HDH Satyasankalpdasji Swamishri
**Publisher** : Satsang Sahitya Department
Swaminarayan Dham, Gandhinagar-382421
Phone : 9925237004 • Email : ssd@in.smvs.org
**Edition** : Second, November-2025
**Copies** : 7000 Copies
**ISBN** : 978-81-979369-6-8

**રજૂકર્તા** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક પ.પૂ. અ.મુ. સદ્. 
શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)
**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
**આવૃત્તિ** : દ્વિતીય, નવેમ્બર–૨૦૨૫
**પ્રત** : ૭૦૦૦ નંગ
**મૂલ્ય** : ₹ ૧૫/– **સેવા મૂલ્ય :** ₹ ૧૦/–
**મુદ્રક અને પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧

# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ



કારણ સત્સંગ એટલે પરભાવનો સત્સંગ. અનાદિમુક્તની સ્થિતિ પામ્યાનો સત્સંગ. મહારાજ અને મોટાની કેવળ કૃપાથી આપણને અનાદિમુક્તનું સર્વોત્તમ પદ તો મળી ગયું છે. પરંતુ હવે આપણી પવિત્ર ફરજ તે પદને શોભે તેવું જીવન કરવાની છે. કારણ કે પરભાવ શોભે છે અવરભાવથી.

અનાદિમુક્ત વિશ્વમ્‌માં પ્રવેશ મેળવતા પૂર્વે આપણા દરેકના જીવનમાં વિનમ્રતા, સરળતા, કૂણાશ, દાસત્વભાવ આદિ ગુણો કેળવવા જરૂરી છે. જેનાથી આપણો અવરભાવ શોભી ઊઠે. વળી, આ ગુણો સ્વજીવનમાં ચરિતાર્થ કરવાથી ઘર-પરિવારમાં તથા સત્સંગમાં દિવ્ય આત્મીયતાનું સર્જન થાય. ત્યારે આ પુસ્તિકા આપ સૌ માટે એક પથદર્શક સમાન બની રહેશે.

માટે સર્વે સમાજને અમારી ખાસ નમ્ર ભલામણ છે કે, આ ‘સરળતા’ પુસ્તિકાનું વારંવાર વાંચન-મનન કરી તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરશે તેના ઉપર મહારાજ, બાપા તથા ગુરુદેવ ખૂબ રાજી થશે અને અનાદિમુક્ત વિશ્વમ્‌માં પ્રવેશ મેળવવાની પાત્રતામાં વધારો કરશે.

સ્નેહ સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

સરળતા આપણને પરિવાર અને સત્સંગના સભ્યો સાથે પ્રેમના તાંતણે જોડે છે. જે બે હૃદય વચ્ચે બંધાયેલી પૂર્વાગ્રહની દીવાલને તોડે છે અને પ્રેમનો પુલ બાંધી આપે છે. ઘર-પરિવારમાં સરળતા વિના સંબંધો ઉપરથી તો ઝગમગતા તારા જેવા લાગે પરંતુ ભીતરમાં ગાઢ અંધકાર હોય છે.

આપણે ગમે તેટલા જ્ઞાની, શક્તિશાળી કે વૈભવશાળી હોઈએ પરંતુ જો સરળ નથી તો લોકોના હૃદયમાં આપણું કોઈ અસ્તિત્વ જ નથી રહેતું.

સરળ વ્યક્તિ જ હંમેશાં પરિવારમાં આત્મીયતા અને આનંદની સોડમ પ્રસરાવી શકે. સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પણ કીર્તનમાં ગાયું છે કે,

"સરલ વર્તવે છે સારું રે મનવા, સરલ વર્તવે છે સારું..."

અર્થાત્ સરળ વર્તવાથી સંબંધોમાં મીઠાશ જળવાયેલી રહે છે. માટે પોતાની પક્કડ, ઠરાવો, ધાર્યું છોડી સૌની આગળ સરળ થઈ વર્તવાની અત્યંત સરળ રીત શીખવવી એ આ 'સરળતા' પુસ્તિકાનું લક્ષ્ય છે. આ પુસ્તિકામાં સરળતાની અર્થ વિભાવના, સરળતાનું મહત્ત્વ, ફાયદા, ઉપાયો આદિની સમજૂતી મહારાજ અને મોટાપુરુષના જીવનના દિવ્ય પ્રસંગોમાંથી અને અન્ય પ્રેરણાદાયી પ્રસંગોમાંથી તારવી છે.

આ પ્રસંગો પરથી સ્વજીવનમાં શું ચરિતાર્થ કરવું જોઈએ એનો ટૂંક બોધ પણ આપવામાં આવ્યો છે. આશા છે કે આ પુસ્તિકા આપણા સ્વજીવનમાં સરળતાના ગુણને પ્રગટાવવા અત્યંત સહાયરૂપ બનશે.

**- સાહિત્ય લેખન વિભાગ**

# અનુક્રમણિકા


● સરળતા આત્માનો શણગાર ૦૬
૧. પ્રસાદીના કેશ ૧૧
૨. નેતરની સોટી ૧૨
૩. શ્રીજીમહારાજની વાડી ૧૩
૪. સંપૂર્ણ સમર્પિત ૧૪
૫. હળવી લે તે સાધુ ૧૫
૬. સાચી પ્રેરણા ૧૬
૭. બાલ્કની બાકી રહી ગઈ !! ૧૮
૮. સંબંધોમાં સંવાદિતા ૧૯
૯. ઇટ્સ ઓકે ૨૧
૧૦. યુવક અને વૃદ્ધ પિતા ૨૨
૧૧. તમે કહો તે ૨૩
૧૨. સૂચન બૉક્સ ૨૪
૧૩. ગાડીનો રસ્તો ૨૫
૧૪. ભૂલનો સ્વીકાર ૨૬
૧૫. એક પ્રદક્ષિણા વધુ ૨૮
૧૬. છાપાંવાળા ભાઈ ૨૯
૧૭. સ્વભાવની ફ્લેક્સિબિલિટી ૩૦
૧૮. સાચી મહાનતા ૩૧
૧૯. સાઇકલનો ભાવ ૩૨
૨૦. શ્રેય કોના શિરે ? ૩૩
૨૧. પૉઝિટિવ રિક્વેસ્ટ ૩૪
૨૨. મને પાલવે તેમ નથી ૩૫
● ગુરુજીનાં કૃપાવચનો ૩૬

# સરળતા આત્માનો શણગાર

સરળતા એ ભક્ત જીવનનો શણગાર છે, આત્માની કૂણાશ છે, આત્મિક લાગણીની ભીનાશ છે. સરળતા એટલે શું ? તો, પોતાની પક્કડને ઢીલી મૂકવી, નક્કી કરેલા ઠરાવને છોડવા, જીદ છોડવી, દલીલો બંધ કરી અન્યની વાતને સ્વીકારવી અને પોતાના દુરાગ્રહને છોડી કોઈની વાતમાં ભેગા ભળવું. લીંબુના પાણીની જેમ બધાની સાથે ભળી જવું. આ છે સરળતા.

શ્રીજીમહારાજે સરળતા ગુણની મહત્તા દર્શાવતાં ‘શ્રીહરિચરિત્રામૃતસાગર’ ગ્રંથના પૂર-૫, તરંગ-૧૩માં કહ્યું છે કે, ‘‘સરળ ચિત્ત રહેવું તે અનંત ગુણોનું મૂળ છે. સરળતા વિના મેરુ જેટલા ગુણ હોય તોપણ ટકતા નથી.’’

આજે પૈસા, પદ અને પ્રતિષ્ઠાની દોડભાગમાં માણસનું હૃદય કઠોર, સ્વભાવ જક્કી (હઠીલો) અને અહંકાર આસમાને પહોંચતો જાય છે. પોતાની નક્કી કરેલી વાત કે માનીનતાને સાબિત કરવામાં સરળતાનું બાષ્પીભવન થઈ જાય છે. આજે ઘર ઘરના પ્રશ્નોનું મૂળ અટંટાઈ, ઠરાવી, જિદ્દી સ્વભાવો બની રહ્યા છે. જીવન તણાવયુક્ત બની રહ્યું છે. દુનિયામાં થતાં યુદ્ધો તેમજ કોઈ પણ ક્ષેત્રે સર્જાતા પ્રશ્નોનું કારણ પણ વ્યક્તિગત ઠરાવો અને માનીનતાઓ જ હોય છે.

સમય-સંજોગ-પરિસ્થિતિ બદલાતાં રહે છે પણ સ્વભાવ જડ થતા જાય છે. વધતી ઉંમરે શરીર ક્ષીણ થતું જાય છે પણ અહંકાર તાકાતવાન બનતો જાય છે. તેથી આગ્રહ છૂટતા નથી અને

વિગ્રહો સર્જાય છે. પક્કડ જેટલી પાકી એટલા પ્રશ્નો વધુ સર્જાય છે.

જોઈ જોઈને જોયું છે... પરિવારમાં કે વ્યવસાયમાં પ્રશ્નો ઉદ્ભવવાનું કારણ બહુધા 'આઇ ઍમ રાઇટ' હોય છે. 'આઇ ઍમ રાઇટ'ની વિચારધારા અને એમાંથી શરૂ થાય છે 'ફાઇટ.' એ વખતે માત્ર 'કદાચ હું ખોટો પણ હોઈ શકું છું' બોલતાંની સાથે ફાઇટ પૂરી થઈ જાય છે. વાતાવરણ લાઇટ થઈ જાય છે. સંબંધોની હાઇટ વધી જાય છે.

જરા એક નજર આપણી પસંદગી અને વાસ્તવિક જીવન તરફ કરીએ.

આપણને કેવી વ્યક્તિ ગમે છે ? કોણ આપણી પસંદગીનું પાત્ર છે ?

પોતાની પક્કડ પકડી રાખે તે કે જતું કરી દે તે ?

પોતાના આગ્રહ પર અક્કડ રહે તે કે સરળ સ્વભાવી હોય તે ?

સામે દલીલ કરે તે કે ગમ ખાઈ જાય, ગળી જાય તે ?

બુદ્ધિથી તર્ક કરનાર કે નિઃસંશયપણે વાતને સ્વીકારનાર ?

જિદ્દી અને જક્કી સ્વભાવવાળી કે સાહજિક નરમ વલણવાળી ?

આમાં તો આપણે બીજાની પસંદગીની વાત કરી. હવે જરા સ્વજીવન તરફ નજર કરીએ કે, મારું જીવન મને ગમતી વ્યક્તિ જેવું છે કે ન ગમતી વ્યક્તિ જેવું છે ? પસંદગી ઊંચી છે અને વાસ્તવિકતા જુદી છે. કદાચ સ્વીકારાય કે ન સ્વીકારાય પણ હકીકત આ છે. જે આપણા ભક્ત

જીવનને અને મુક્ત પદવીને લાંછન લગાડે છે. તેથી જ બાપાશ્રીએ આપણા સ્વભાવ બાબતે ટકોર કરતાં ભાગ-૨ની ૪૦મી વાતમાં કહ્યું છે, ‘‘કોઈ આંગળી ચીંધી ન શકે એવો શાંત અને સરળ સ્વભાવ રાખવો.’’

ઘણી વાર આપણે ધાર્યું કરવા-કરાવવામાં જીત અને સરળ થઈ જવામાં હાર માનતા હોઈએ છીએ. પરંતુ એ ખરેખર હાર જ છે. સરળ થઈ જનાર સામેની વ્યક્તિના હૃદયને જીતી લે છે. એટલે જ બાપાશ્રીએ શીખવ્યું છે કે, ‘ભગવાનના ભક્તે હારીને રાજી થાવું.’

ખરેખર જે સરળ થઈ જતું કરે તે મૂરખ નથી પરંતુ બુદ્ધિશાળી છે. કારણ, તે બે પૈસાનું અભિમાન મૂકી કરોડોનો સંબંધ ખરીદી લે છે. હવે આપણે જીવનમાં મૂરખ બનવું કે બુદ્ધિશાળી એ આપણી પસંદગીની વાત છે. એટલે જ કોઈકે ગાયું છે કે,

‘‘જતું કરે તેનું કાંય નથી જતું, જગમાં રહે એની વાતું રે;
માફ કરી દિલ સાફ કરીએ, એની નોખી પડશે ભાતું રે.’’

જેનું વ્યક્તિત્વ સરળ હોય તેને દુનિયામાં સહુ કોઈ ફરી ફરી યાદ કરે છે અને અટંટ, અક્કડુ સ્વભાવવાળાની સહુ ફરિયાદ કરે છે. સરળતાને વર્તનમાં વણી લેવા આપણા ઠરાવો, માનીનતા, પક્કડનું બાષ્પીભવન કરવું જ પડે. અર્થાત્ તમે સાચા છો, હું ખોટો હોઈ શકું છું એમ કહેવું. કદાચ ‘તમે સાચા’ એમ બોલી શકાય પણ ‘હું ખોટો’ એવું તો મરદ જ બોલી શકે છે.

અહમ્‌ને ઓગાળી અસ્તિત્વનો પ્રલય કરનાર જ બોલી શકે છે. કારણ, અહંકાર અને સરળતા ક્યારેય સાથે રહી શકતાં નથી.

પોતાની પક્કડ અને આગ્રહને છોડ્યા વિના મોટાપુરુષના આગ્રહથી પોતાનું જતું કરવા ક્ષમાયાચના થાય તોપણ તે હોઠથી થાય છે; હાર્ટથી (હૃદયથી) નહીં. માટે હૃદયથી ક્ષમા માગી સરળ થવા માટે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ છ શબ્દોને રોજિંદા જીવનમાં વાપરવાના કહ્યા છે :

(૧) ok, (૨) ઠીક છે, (૩) ભલે, (૪) sorry, (૫) રાજી રહેજો, (૬) માફ કરજો.

આ છ શબ્દોને સરળતા ગ્રહણ કરવા માટેનું જીવનસૂત્ર બનાવી દઈએ. કોઈને પ્રેરણા આપીશ પણ પ્રેશર (દુરાગ્રહ) નહિ કરું. પ્રેશર પ્રૉબ્લેમ (પ્રશ્નો) ઊભા કરે છે. જરૂર હોય ત્યાં ઍક્યુપ્રેશર આપીશ જેનાથી પ્રૉબ્લેમ દૂર થાય છે.

**જીવન એવું સરળ રાખો કે તમારું વર્તન કોઈને નડતરરૂપ ન થાય;**
**જ્ઞાનનો સમુદ્ર બનીને શું ફાયદો ? ફેલાવશે અહમ્‌ની ખારાશ.**
**બનવું હોય તો બનો નાનું પણ મીઠું સરોવર;**
**જ્યાં અન્યની તો શું સિંહની પણ પાણી પીવા ઝૂકે ગરદન.**

# જતું કરે એનું કાંય નથી જતું...

જતું કરે એનું કાંય નથી જતું, જગમાં રહે એની વાતું રે;
માફ કરી દિલ સાફ કરીએ, એની નોખી પડશે ભાતું રે... ટેક
વ્યર્થ વાતોને ઝાલી ન રાખવી, એમાં મગજ માર બહુ ખાતું રે;
માફી માગવી એ કામ મરદનું, એની સ્મરણમાં મળશે વાતું રે... જતું કરે ૦૧
મન પ્રસન્ન તો ચિત્તની શાંતિ, એનું હૃદય રહે રંગ રાતું રે;
એના ઉર ઉદાર દિલે દાતારી, એનું હૈયું હરદમ હરખાતું રે... જતું કરે ૦૨
ભલાઈ અને સારપમાં ભાગ લેવો, શું કામ કરવું એ જાતું રે;
નિમિત્ત બની જા નીતિ સાધનામાં, બાકી હરિ કરે એ સાચું રે... જતું કરે ૦૩
કોરા ચોપડે સારા વિચારનું, ખોલી દો આજથી ખાતું રે;
ઋણ હોય કોઈના ચૂકવી દેજો, કંઈક જમા બોલાતું આપણું રે... જતું કરે ૦૪
દોષ પોતાના તું જોઈ લે પ્રેમજી, ગુરુગમથી જ કળાતું રે;
સર્વે જીવમાં જુવે શ્રીહરિ, એને આખું જગત નિર્દોષ જણાતું રે... જતું કરે ૦૫

# હલવી લે તે સાધુ

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી રાજકોટ વિચરણમાં પધાર્યા હતા. એ વખતે ગુરુદેવને બાયપાસ સર્જરી કરાવી હોવાથી તેઓ મોટેભાગે સોફામાં બેઠા બેઠા જ પોઢતા. રાજકોટ મંદિરે એવા સોફાની વ્યવસ્થા નહોતી એટલે એવો જ સોફો બનાવીને રાજકોટ મંદિરે તે દિવસે મોકલવાનો હતો. પરંતુ સંજોગવશાત્ સમયે મંદિરે સોફો પહોંચાડી શકાયો નહીં.

રાત પડી અને ગુરુદેવ પ.પૂ. બાપજીને પોઢવાનો સમય થયો. પૂ. સંતોએ ગદ્ગદ સ્વરે પ્રાર્થના કરી, ‘‘બાપજી, સોફો મગાવ્યો છે પરંતુ અમુક કારણસર પહોંચ્યો નથી. શું કરશું ? રાજી રહેજો. કોઈ હરિભક્તના ઘેરથી બીજો લાંબો સોફો મગાવી દઈએ ?’’

કાયમ ચલવી લેવાની ભાવના ધરાવતા ગુરુદેવે સહજ શબ્દોમાં કહ્યું, ‘‘સંતો, ચિંતા ન કરશો. આ બે પ્લાસ્ટિકની ખુરશી છે ને ! એ જ અમારો સોફો !! એમાં બેઠા બેઠા પોઢી જવાશે. હલવી લે એનું નામ સાધુ.’’

ગુરુદેવ આખી રાત બે પ્લાસ્ટિકની ખુરશી પર બેઠા બેઠા પોઢ્યા. ગુરુદેવની ચલવી લેવાની ભાવનામાં પૂ. સંતોને ગુરુદેવના સરળ વ્યક્તિત્વનાં દર્શન થતાં હતાં.

આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીની જેમ આપણે પણ નાની-મોટી અગવડતામાં ચલવી લેવાની ભાવના રાખીએ.

# બાલ્કની બાકી રહી ગઈ !!

તા. ૯-૧૧-૨૦૨૨ ને બુધવારનો દિવસ હતો. વાસણા ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીની પધરામણી ગોઠવાઈ હતી. પધરામણીમાં ઘેર ઘેર હરિભક્તો દ્વારા વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજીનું ભાવભીનું સ્વાગત થતું. હરિભક્તોના ઘરે પહોંચતાં સૌપ્રથમ મહાપ્રભુની દિવ્ય આરતી થતી. ત્યારબાદ ગુરુજી દરેક રૂમમાં જળની અંજલિ છાંટવા પધારતા. એક ઘરે પધરામણીમાં વ્હાલા ગુરુજીને કોઈ હરિભક્તે જળ છાંટવા નાનો પાણી ભરેલો ગ્લાસ આપ્યો. ગુરુજી ગ્લાસ લઈ જળ છાંટવા પધારતા હતા. તે વખતે એ ઘરના નાના બાળમુક્ત પાણી ભરેલો લોટો હાથમાં લઈને આવ્યા અને ગુરુજીને આપતાં બોલ્યા, ‘‘દયાળુ, આમાંથી જળ છાંટવાનું છે.’’ ગુરુજીએ રાજી થઈ લોટો લઈ લીધો અને ગ્લાસ બાળમુક્તને આપ્યો. જળનો લોટો લઈ ગુરુજી તેમાંથી જળ છાંટવા લાગ્યા. ઘરના દરેક રૂમમાં જળ છાંટ્યા બાદ ગુરુજી મુખ્ય બેઠક રૂમમાં ખુરશી પર બિરાજમાન થવા જતા હતા ત્યાં જ બાળમુક્તે સાહજિકતાથી ફરી પ્રાર્થના કરી, ‘‘ગુરુજી, બાલ્કની બાકી રહી ગઈ !!’’ ગુરુજીએ તરત જ પૂછ્યું, ‘‘બાલ્કની ક્યાં છે ?’’ મુક્તરાજે જણાવ્યું કે, ‘‘બાલ્કની રસોડાની બહાર છે.’’ ગુરુજી તરત જ રસોડામાં થઈ બાલ્કનીમાં જળ છાંટવા પધાર્યા. ગુરુજીની જેમ આપણે પણ પોતાના સ્ટેટસનો વિચાર છોડી નાના-મોટા સૌની આગળ સરળપણે વર્તતા થઈએ.

આમ, ગુરુજીએ નાના બાળમુક્ત આગળ સરળ થઈ તેમને રાજી કર્યા.

# યુવક અને વૃદ્ધ પિતા

એક યુવક પોતાના વૃદ્ધ પિતાને રેસ્ટોરાંમાં જમવા લઈ જાય છે. જમતી વખતે વૃદ્ધ પિતાથી દાળની વાડકી ઢોળાઈ જાય છે. તેમનું પૅન્ટ અને શર્ટ દાળવાળાં થઈ જાય છે. રેસ્ટોરાંમાં બેઠેલા અન્ય ગ્રાહકોનાં મોઢાં વંકાય છે પણ પિતા-પુત્ર શાંતિથી જમવાનું પૂરું કરે છે. જમ્યા પછી પિતાએ પુત્ર સામે જોઈ કહ્યું, “બેટા, આ સાફ... !” પિતા વાક્ય પૂરું કરે તે પહેલાં જ પુત્ર ઊભો થઈ ગયો. હાથ ઝાલી પિતાને ઊભા કર્યા અને પુત્ર પિતાને વૉશ બેઝિન પાસે લઈ જઈને હાથ ધોવડાવી, તેમનાં શર્ટ-પૅન્ટને સાફ કરીને, માથું ઓળી આપીને, ચશ્માં કાન પર ગોઠવી આપે છે. ગ્રાહકો ડોક તાણીને આ દૃશ્ય જોઈ રહ્યા હોય છે. પુત્ર કાઉન્ટર પર બિલ ચૂકતે કરી, પિતાનો હાથ પકડી બહાર જવા ડગલું ભરે છે ત્યારે વેઈટર જરા મોટા અવાજથી બોલે છે, “સાહેબ, તમે ભૂલથી અહીં કશુંક મૂકીને જાવ છો !” યુવકનો હાથ તરત પૅન્ટના અને શર્ટના ખિસ્સા પર જાય છે. ચાવી અને ફોન સલામત હોવાની ખાતરી કરીને જવાબ આપે છે, “ના... હું કશું મૂકીને જતો નથી.”

વેઈટરે કહ્યું, “સાહેબ વાહ, તમારી નમ્રતા ! અહીં બેઠેલા દરેક યુવાન પુત્ર માટે આપ એક પાઠ મૂકીને જાવ છો કે પરિવારમાં માબાપ કદાચ અભણ હોય, વૃદ્ધ હોય, અસક્ષમ હોય પરંતુ પ્રેમથી તેમનો નમ્રભાવે સ્વીકાર કરીને તેમની હૃદયપૂર્વક સેવા કરવી.”

આમ, આપણે પણ પરિવારના સભ્યોની મર્યાદાઓ જાણી રાખવી અને સરળતાથી તેનો સ્વીકાર કરી તેમની સાથે પ્રેમથી વર્તાવ કરવો.

# ભૂલનો સ્વીકાર

એક સુખી પરિવાર હતો. પરિવારમાં નાના-મોટા કોઈની પણ ભૂલ થાય તો દાદાજી સૌને સાચો ઉપદેશ આપી સાચી દિશાએ વાળવામાં કાબેલ હતા. એક દિવસ દાદાના ગજવામાંથી નાનકડા સોહમે દસ રૂપિયા પૂછ્યા વિના લઈ લીધા. જે દશ્ય બાથરૂમમાંથી બહાર નીકળતાં દાદા જોઈ ગયા. સોહમે તેમાંથી રસગુલ્લો ખાધો. સાંજે દાદાએ પરિવારના સભ્યોની કૉન્ફરન્સ બોલાવી અને ગંભીર સ્વરે કહ્યું, ''મારા ગજવામાંથી દસ રૂપિયા ખોવાય છે. કોણે લીધા છે ?'' કોઈ કાંઈ બોલ્યું નહીં. દાદા ફરી બોલ્યા, ''પોતાની ભૂલનો સ્વીકાર કરવો એ માત્ર પ્રામાણિકતા જ નથી પરંતુ સાહસનું પ્રતીક છે.''

આટલું સાંભળતાં જ સોહમ દાદાની નજીક આવ્યો ને પોતાની રસગુલ્લાવાળી જીભ બહાર કાઢી બતાવતાં કહ્યું, ''દાદાજી, તમારા આ સોહમે રસગુલ્લો ખાવા માટે તમને પૂછ્યા વિના દસ રૂપિયા લઈ લીધા હતા.'' સોહમે કાન પકડ્યા. દાદાજીએ તેનો કાન મરોડતાં કહ્યું, ''બેટા શાબાશ ! તેં સામેથી ભૂલની કબૂલાત કરી. તું બહાદુર છે. બેટા, ભૂલ છુપાવવી તે નામર્દાનગી છે, અભિમાન છે. જે સરળ અને સાહસિક હોય એ જ પોતાની ભૂલ કબૂલી શકે. બેટા, પૈસા તો બીજા કમાઈ લેવાશે પરંતુ સરળ થઈ ભૂલને કબૂલી લેવાનો ગુણ દુનિયાની કોઈ બજાર, બિઝનેસમાંથી કમાઈ શકાતો નથી એ યાદ રાખજે. પૂછ્યા વિના પૈસા લેવા તે ચોરી છે જ્યારે પૂછીને લેવા તે સંસ્કાર છે. માટે કોઈની વસ્તુ લઈએ તો પૂછીને લેવી જોઈએ. એ સંસ્કાર તારામાં જળવાયેલા રહે માટે તને ભૂલ

કબૂલ કરવાની આ એક તક આપી હતી.'' કહેતાં જ દાદાએ સોહમને ગળે લગાવી દીધો.

આમ, સોહમની જેમ આપણે પણ કોઈ નાની-મોટી ભૂલ થઈ જાય તો નિર્ભય થઈને 'હા, આ મારી ભૂલ છે' કહીને સરળતાથી ભૂલ કબૂલ કરતા શીખીએ.

• • •

**સરળ થયા પછી કહી દેખાડીએ તે સાચી સરળતા નથી પરંતુ અહમ્‌નું પોષણ છે. સરળતાનો ઓડકાર ખાવાની જરૂર નથી.**

• • •

**હું જ સાચો છું ને મારું જ સાચું છે, એમ માની લેવું ને મનાવવા મથવું; એ દુનિયાનો સ્વભાવ છે. તમે સાચા હોઈ શકો, આપણે તે પ્રમાણે કરીએ, એમ સ્વીકારી લેવું એ દિલની અમીરાઈ છે.**

• • •

**જીવનનાં ત્રણ સોનેરી સૂત્રો :**

**૧. પોતાનું મનગમતું મૂકી દેવું છે.**

**૨. મહારાજ અને મોટાના ગમતામાં જ રહેવું છે.**

**૩. કટ દઈને વળી જવું છે.**

# મને પાલવે તેમ નથી

એક રોયલ સ્વભાવનાં સાસુ પહેલા જ દિવસથી વહુને દીકરી કહેવા લાગ્યાં. તેને ભારે વ્હાલ સાથે ચૌદ હજાર રૂપિયાની નાકની નથણી પહેરાવી. પરંતુ વહુથી નથણી ક્યાંક આઘીપાછી થતાં ખોવાઈ ગઈ. તે જ દિવસે સાસુને એ વાતની ખબર પડી ગઈ. તેઓએ સોનીની પાસે જઈને બીજી નથણી બનાવી સાત જ દિવસમાં આપી દેવા જણાવ્યું.

વહુ તો સાસુમા કેવા ગુસ્સે ભરાશે ? તે વિચારે બિલાડીની સામે ઉંદરની જેમ એકધારાં ધ્રૂજતાં હતાં. પણ આશ્ચર્ય !! સાતમા દિવસે બેય જણા જમવા બેઠાં હતાં. સાસુમાએ નવી આવેલી નથણી વહુના નાકમાં વ્હાલ સાથે ફિટ કરી દીધી અને માત્ર એટલું જ કહ્યું, “દીકરી ! હવે બરોબર સાચવજે. ફરી ખોવાઈ ન જાય.” વહુ બોલ્યા, “બા, મેં નુકસાન કર્યું છતાં આપ કેમ મારી ઉપર જરાય ગુસ્સે ના થયાં ??” સાસુએ કહ્યું, “દીકરી, જો ગુસ્સો કરું તો તારી સાથેનો મીઠો મધ જેવો સંબંધ કાયમ માટે ખોવો પડે. જે મને પાલવે તેમ નથી અને જતું કરી સરળ થઈ જઉં તો મારો તારી સાથેનો સંબંધ અમૃત જેવો બની જાય. આપણા આ સંબંધની સામે ૧૪ હજાર રૂપિયા ગયા તેનું કોઈ જ મૂલ્ય નથી.” તે રાતે વહુએ મમ્મીને પિયરમાં કાગળ લખ્યો, ‘મમ્મી ! સાસરે આવતાં મને લાગેલું કે, મેં મમ્મી ગુમાવી પણ હવે લાગે છે કે મેં સવાઈ મમ્મી મેળવી છે.’

આમ, અરસપરસ કંઈ બને તો જતું કરી સરળ થઈએ, માફી આપી દઈએ તો સંબંધો જળવાયેલા રહે.

## જીવનમાં 'સરળતા' એટલે સુખનો સાચો માર્ગ

આપણે ગમે તેટલા જ્ઞાની કે વૈભવશાળી હોઈએ, પરંતુ જો સ્વભાવમાં
સરળતા નથી, તો લોકોના હૃદયમાં સ્થાન મેળવવું અશક્ય છે.
'સરળતા' એ માત્ર એક ગુણ નથી, પણ સુખી જીવનની ચાવી છે. તે બે હૃદય
વચ્ચેના પૂર્વાગ્રહની દીવાલો તોડીને પ્રેમનો મજબૂત સેતુ બાંધે છે.
જે વ્યક્તિ પોતાની પક્કડ અને ધાર્યું છોડીને સૌની સાથે હળીમળીને વર્તે છે, તે જ
પરિવાર અને સત્સંગમાં આત્મીયતાની સુગંધ ફેલાવી શકે છે.

આ 'સરળતા' પુસ્તિકામાં મહારાજ અને મોટાપુરુષોના
જીવનના હૃદયસ્પર્શી પ્રસંગો દ્વારા સરળતાની મહત્તા અને
તેને કેળવવાની કળા સમજાવવામાં આવી છે. જીવનને વધુ સહજ,
તેજસ્વી અને આનંદમય બનાવવા માટે
આજે જ આ પુસ્તિકા વસાવો.

:: પુસ્તક મેળવવાનું સ્થળ ::
SMVS સંસ્થાના તમામ બુક સ્ટોલ ઉપર ઉપલબ્ધ



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી

# ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પરિચય



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને શ્રીજીનું જ કર્તાપણું આદિ અનેક ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમના અલ્પ જોગથી મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થઈ જાય અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય. અવરભાવની ૮૬ વર્ષની ઉંમર સુધી તેઓએ વિશેષતઃ પંચમહાલ અને સમગ્ર ગુજરાતના અસંખ્ય ગામડાંઓમાં તથા દેશ-વિદેશના અનેક શહેરોમાં વિચરણ કર્યું હતું. હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી હતી. તેઓના દાખડે લાખો સંતો-હરિભક્તોના જીવનમાં પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તમામ કલ્યાણકારી ગુણોને ધારણ કરી અનેરું શિષ્યત્વ શોભાવી રહ્યા છે. તેઓને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રતિમામાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપ્યા : **"ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમો સત્ય કરીશું અને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ. તારા તમામ સંકલ્પો પૂરા થશે. આથી અમે તારું નામ 'સાધુ સત્યસંકલ્પદાસ' રાખીએ છીએ."**

આજે દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તનની સાથે દેહભાવથી પૃથક્ થઈ આત્મભૂમિકાએ અનાદિમુક્તની સ્થિતિ પામી છતે દેહે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સુખ પામવા માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આવી ઉચ્ચ આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ  સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનોમાં પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા સક્રિય રીતે જોડાતી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કાયમ એક વાત કહી છે કે, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય સ્વામિનારાયણ ભગવાનના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે.

વિશાળ આશ્રમમાં પ્રભુપ્રાપ્તિના માર્ગે આગળ વધી રહેલા કેટલાક મુમુક્ષુઓ રહેતા હતા. એક વખત ગુરુએ જાહેરમાં સંકલ્પ જણાવ્યો કે, “એક મહિનામાં સૌએ મનધાર્યું મૂકી દઈ સરળ સ્વભાવવાળા બની જવાનું છે.” એક શિષ્ય ખૂબ જ સ્વાભિમાની, ગુસ્સાવાળા. ધાર્યું કરવું અને અન્ય પાસે કરાવવું તે વાત એમને રમત હતી. ગુરુ પ્રત્યે અપાર પ્રીતિ હતી. ગુરુનું વચન અધ્ધરથી ઝીલવાનું હતું. તેઓ મનસા મજબૂત બન્યા. અનેકને સૂચનો કરવામાં કદી પાછી પાની નહિ કરનાર આ શિષ્યે સૂચન બૉક્સ બનાવ્યું. ઉપર મોટા અક્ષરે લખ્યું : ‘મને સૂચન આપો.’ વળી લખ્યું, ‘આપનાં મારી માટેનાં સૂચન આવકાર્ય છે. સૂચન આપશો તો આપનો દિલથી આભાર માનીશ. મુજ સ્વાભિમાનીને સરળ બનાવવા મદદ કરશોજી.’ સૂચન બૉક્સ પોતાના રૂમ બહાર લગાવ્યું.

શરૂઆતમાં કોઈ પૂર્વાગ્રહી શિષ્યોએ એકાદ-બે ચિઠ્ઠી નાખી. જેને તેમણે પૉઝિટિવ લઈ સુધારો કરવા માંડ્યો. બધા તરફથી રિવ્યૂ આવવા માંડ્યા : ‘એ તો બહુ બદલાઈ ગયા છે.’ ‘સૂચનોને બહુ પૉઝિટિવ લઈ રહ્યા છે.’ ‘મને તો રૂબરૂ મળી Thank you કહ્યું.’ એક મહિનામાં ચમત્કાર સર્જાઈ ગયો. તેમના ગુણો ગુરુ આગળ ગવાવા લાગ્યા. ગુરુ રાજી થઈ બોલ્યા, “સાચું સૂચન એ દીવો છે જે અંધકારમાં રસ્તો બતાવે છે.” સૂચન કરનાર કરતાં સૂચન સ્વીકારનાર અનંતગણો મહાન બની જાય છે.

આમ, આપણે પણ રોજિંદા જીવનમાં કોઈ એવી વ્યક્તિની સલાહ સાંભળીએ અને સ્વીકારીએ જેને આપણે સામાન્ય ગણી અવગણી દેતા હોઈએ છીએ.

SMVS
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા
978-81-979369-6-8
BG118